ખરી નકલ અને સોગંદનામા " સ્વ પ્રમાણિત "
પ્રમાણિત કરવાની કાર્ય પધ્ધતિ અપનાવવા બાબત.

ગુજરાત સરકાર,
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા.વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ કમવ-૧૦૨૦૧૫/૧૯૬૫૨૪/ડ ,
બ્લોક નંબરઃ- ૧૪, ૫મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૨/૧૦/૨૦૧૫.

વંચાણે લીધાઃ-

(૧) ડીપાર્ટમેન્ટ ઓફ એડમીસ્ટ્રેટીવ રીફોર્મસ પબ્લીક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન ભારત સરકાર નવી દિલ્હીનો તારીખઃ- ૨/૭/૨૦૧૪ નો અ.સ.પત્ર નંબરઃ- કે-૧૧૦૨૨/૬૭/૨૦૧૨/એઆર

(૨) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તારીખઃ-૧૩/૮/૨૦૧૪ નો પરિપત્ર ક્રમાંક :- સીઆરઆર/૧૦૨૦૧૪/૪૨૭૬૪૨/ગ-૨.

(૩) નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર નો તારીખઃ- ૨૩/૭/૨૦૧૫ નો પત્ર ક્રમાંકઃ- કામાવિ/સંકલન/ખરીનકલ/૬૬૭૫

આમુખ :-

ભારત સરકારના વંચાણે લીધા ક્રમાંક (૧) ના પત્રથી રાજયના નાગરિકોને "ખરી નકલ" કરાવવા તથા સોંગદનામા (Affidavit) કરાવવામાં પડતી મુશ્કેલીઓ ધ્યાને લઇને ઉકત બાબતનું સરલીકરણ કરવા માટે શકય હોય તે કિસ્સામાં "સ્વ પ્રમાણીત" (Self Certification) ની કાર્યપધ્ધતિ અપનાવવા ભલામણ કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) ના પરિપત્રથી નાગરિકોને તેમના હક્કો / સુવિધાઓ મેળવવામાં પડતી મુશ્કેલી નિવારવા માટે જુદી જુદી યોજનાઓ , કાર્યો અને સેવાઓનો લાભ લેવા માટે જયાં નાગરિકોને સોંગદનામા (Affidavit) રજુ કરવા પડતા હોય તેવી સેવાઓ / બાબતોમાં "સ્વ પ્રમાણીત" (Self Certification) ની કાર્યપદ્ધતિ ને મંજુરી આપવા જણાવેલ હતું. વંચાણે લીધેલ ક્રમાંક (૩) ના પત્રથી નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી ચાલતી કામગીરીઓ પૈકી ૧૮ પ્રકારના સોગંદનામા સ્વપ્રમાણીત કરવાની કાર્યપધ્ધતિ અપનાવી શકાય તેમ જણાવેલ હતું. આમ, ગતિશીલ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત પારદર્શક અને લોકાભિમુખ વહીવટ માટે હાલ નાગરિકોને અપાતી સેવાઓ, કાર્યો અને યોજનાઓમાં તેના લાભો મેળવવા માટે નાગરિકોને પડતી મુશ્કેલીઓ નિવારવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પાછળ...

ઠરાવ :-

પુર્વ પૃષ્ઠ પરની વિગતે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબના કેસો સોગંદનામાં **"સ્વ પ્રમાણિત"** કરવાની કાર્ય પધ્ધતિ અપનાવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) વર્કશોપ/ઓફીસના પુરાવા જેમાં માલિકીના પુરાવા-દસ્તાવેજ,હાઉસ ટેક્ષનું બીલ.
(૨) ભાગીદારી એકમના કિસ્સામાં ભાગીદારી દસ્તાવેજ.
(૩) લાઇટબીલ
(૪) સંસ્થા નોંધણી પ્રમાણપત્ર
(૫) પાનકાર્ડ
(૬) રાજ્ય અને કેન્દ્રીય વેચાણવેરા પ્રમાણપત્ર.
(૭) પ્રોફેશનલ ટેક્ષ બીલ
(૮) સાધન સામગ્રીની યાદી અથવા સાધનસામગ્રી ખરીદીનું બીલ
(૯) વજનમાપ લોનસેટ, ટેસ્ટીંગ માટેના સાધનોના ખરીદીના બીલ અને ખરાઇ પ્રમાણપત્ર.
(૧૦) ભારત સરકારશ્રી તરફથી મેળવેલ મોડલ એપ્રુવલ પ્રમાણપત્ર.
(૧૧) કામે રાખેલ કારીગરોના- શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્ર, કામે રહ્યા બદલનું એફીડેવીટ,નિમણુંકપત્ર,અનુભવનું પ્રમાણપત્ર.
(૧૨) મોનોગ્રામ એફીડેવીટ.
(૧૩) રેશનકાર્ડ , ચુંટણીકાર્ડ.
(૧૪) આવશ્યક ચીજવસ્તુ ધારા હેઠળનું લાયસન્સ.
(૧૫) સ્કુલ લીવીંગ સર્ટીફીકેટ.
(૧૬) શૈક્ષણિક લાયકાત અંગેની માર્કશીટ તથા પ્રમાણપત્રો.
(૧૭) જાતિ અંગેનાં પ્રમાણપત્રો.
(૧૮) રમતગમતનાં પ્રમાણપત્રો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.એ.ચાવડા)
સેકશન અધિકારી ,
અન્ન.ના.પુ. અને ગ્રા.બા.વિભાગ,

<u>પ્રતિ,</u>

૧. મા.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, મા.મંત્રીશ્રી (અ.ના.પુ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિ.ગાંધીનગર.

૨ . મા.રા.ક.મંત્રીશ્રી (અ.ના.પુ.) ના અંગત સચિવશ્રી, મા.રા.ક.મંત્રીશ્રી (અ.ના.પુ.) નું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૨, સચિ.ગાંધીનગર.

૩. અગ્ર સચિવશ્રીના અંગત સચિવશ્રી, અ.ના.પુ.અને ગ્રા.બા.વિ. સચિ.ગાંધીનગર

૪ . સેકશન, અધિકારીશ્રી, ગ-૨, શાખા સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. નિયંત્રકશ્રી, કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર

૬. સીસ્ટમ મેનેજરશ્રી, વેબસાઇટ પર અપલોડ કરવા માટે.

૭ . સીલેકટ ફાઇલ.